વર્ષ : ૨૦૨૪-૨૫

કૃષિ વ્યવસાયમાં રોકવામાં આવતા ખેત શ્રમયોગીઓને લઘુત્તમ વેતન અધિનિયમ – ૧૯૪૮ અંતર્ગત દૈનિક વેતન દર ઉપરાંત ખાસ ભથ્થું ચુકવવા બાબત.........................

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**
જા.નં. : હિનિ – પી.એ. - દૈનિક દર – ૩૪૦ - ૨૦૨૪
તા. : ૨૬-૦૪-૨૦૨૪

## :: :: કાર્યાલય આદેશ :: ::

**વંચાણે લીધા :–**

(૧) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પરિપત્ર જા.નં. આકૃયુ – રજી – દૈનિક દર – લીગલ – ૬૪ - ૨૦૨૧ તા. ૨૦-૦૫-૨૦૨૧.

(૨) નાયબ શ્રમ આયુક્ત અને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી, શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : શ્ર.આ.૬–ટે.૩–૧૫૪ થી ૧૭૪–૨૦૨૩ તા. ૩૧-૦૩-૨૦૨૩.

(૩) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પરિપત્ર જા.નં. આકૃયુ – હિનિ – પે સેલ – ૩૪૭૮ થી ૩૪૮૧ - ૨૦૨૩ તા. ૨૦-૦૭-૨૦૨૩.

(૪) નાયબ શ્રમ આયુક્ત અને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી, શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : શ્ર.આ.૬–ટે.૩–૧૧૨૮ થી ૧૧૪૮–૨૦૨૩ તા. ૩૦-૦૯-૨૦૨૩.

(૫) શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : શ્ર.આ.૬ – ટે.૩ – ૧૩૮ થી ૧૫૮ – ૨૦૨૪ તા. ૦૩-૦૪-૨૦૨૪.

આથી, આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીના યુનિટ અધિકારીશ્રી અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે સંદર્ભ-૧ પરના પરિપત્રથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના મુખ્ય કેન્દ્ર તથા વિવિધ સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેંદ્રો, કોલેજ હસ્તકના સંશોધન-વ-પ્રાયોગીક ફાર્મ વિગેરે ઉપર ખેતીલક્ષી જરૂરીઆત મુજબની કામગીરી માટે દૈનિક દરથી કૃષિ કાર્યમાં રોજમદાર ખેત શ્રમયોગીઓને રોકવામાં આવે છે, આવા રોજમદાર ખેત શ્રમયોગીઓને શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના તા. ૦૧-૦૧-૨૦૨૧ના નોટીફિકેશન મુજબ **કૃષિ વ્યવસાયમાં રોકવામાં આવતા રોજમદાર ખેત શ્રમયોગીઓને રૂ. ૨૬૮/– મુજબ દૈનિક લઘુત્તમ વેતન તા. ૩૦–૦૩–૨૦૨૧ની અસરથી** ચુકવવામાં આવે છે.

સંદર્ભ-૨ પરના નાયબ શ્રમ આયુક્ત અને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી, શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્રથી લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ રાજ્ય સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર **તા. ૦૧–૦૪–૨૦૨૩ થી તા. ૩૦–૦૯–૨૦૨૩ સુધીના સમય માટે** નિયત કરેલ છે, તે મુજબ **કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ રોજમદાર ખેત શ્રમયોગીઓ માટે દૈનિક લઘુત્તમ વેતન રૂ. ૨૬૮/– ઉપરાંત ખાસ ભથ્થાના દૈનિક દર રૂ. ૯૯.૨૫ પૈસા** જાહેર કરવામાં આવેલ છે, જે અન્વયે સંદર્ભ-૩ પરના પરિપત્રથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિવિધ કચેરી, કોલેજ, સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો અને સંશોધન-વ-પ્રાયોગીક ફાર્મમાં કામની જરૂરીઆત મુજબ **કૃષિ વ્યવસાય/કાર્ય માટે રોકવામાં આવતા રોજમદાર ખેત શ્રમયોગીઓને રૂ. ૨૬૮/– મુજબ દૈનિક લઘુત્તમ વેતન ઉપરાંત દૈનિક ખાસ ભથ્થુ રૂ. ૯૯.૨૫ પૈસા તા. ૦૧–૦૪–૨૦૨૩ થી તા. ૩૦–૦૯–૨૦૨૩ના સમયગાળા** માટે ચુકવવા અંગેનો પરિપત્ર કરવામાં આવેલ હતો.

વધુમાં સંદર્ભ-૪ પરના નાયબ શ્રમ આયુક્ત અને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી, શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્રથી લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ રાજ્ય સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર **તા. ૦૧–૧૦–૨૦૨૩ થી તા. ૩૧–૦૩–૨૦૨૪ સુધીના સમય માટે** નિયત કરી જાહેર કરવામાં આવેલ છે.

પાછળ.......

આથી, આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિવિધ કચેરી, કોલેજ, સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો અને સંશોધન-વ-પ્રાયોગીક ફાર્મમાં કામની જરૂરીઆત મુજબ **કૃષિ વ્યવસાય/કાર્ય માટે રોકવામાં આવતા રોજમદાર ખેત શ્રમયોગીઓને રૂ. ૨૬૮/– મુજબ દૈનિક લઘુત્તમ વેતન ઉપરાંત દૈનિક ખાસ ભથ્થુ દર નીચે દર્શાવ્યા મુજબ તા. ૦૧–૧૦–૨૦૨૩ થી તા. ૩૧–૦૩–૨૦૨૪ સમયગાળા** માટે ચુકવવાનું રહેશે.

| અનુસૂચિત રોજગારી / વ્યવસાય | દૈનિક લઘુત્તમ વેતન | દૈનિક ખાસ ભથ્થુ | કુલ દૈનિક ચુકવવા પાત્ર રકમ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ ખેત શ્રમયોગીઓ | રૂ. ૨૬૮/- | રૂ. ૧૦૭/- | રૂ. ૩૭૫/- |

વધુમાં સંદર્ભ-૫ પરના નાયબ શ્રમ આયુક્ત અને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી, શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્રથી લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ રાજ્ય સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર **તા. ૦૧–૦૪–૨૦૨૪ થી તા. ૩૦–૦૯–૨૦૨૪ સુધીના સમય માટે** નિયત કરી જાહેર કરવામાં આવેલ છે.

આથી, આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિવિધ કચેરી, કોલેજ, સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો અને સંશોધન-વ-પ્રાયોગીક ફાર્મમાં કામની જરૂરીઆત મુજબ **કૃષિ વ્યવસાય/કાર્ય માટે રોકવામાં આવતા રોજમદાર ખેત શ્રમયોગીઓને રૂ. ૨૬૮/– મુજબ દૈનિક લઘુત્તમ વેતન ઉપરાંત દૈનિક ખાસ ભથ્થુ દર નીચે દર્શાવ્યા મુજબ તા. ૦૧–૦૪–૨૦૨૪ થી તા. ૩૦–૦૯–૨૦૨૪ સમયગાળા** માટે ચુકવવાનું રહેશે.

| અનુસૂચિત રોજગારી / વ્યવસાય | દૈનિક લઘુત્તમ વેતન | દૈનિક ખાસ ભથ્થુ | કુલ દૈનિક ચુકવવા પાત્ર રકમ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ ખેત શ્રમયોગીઓ | રૂ. ૨૬૮/- | રૂ. ૧૨૧/- | રૂ. ૩૮૯/- |

નાયબ શ્રમ આયુક્ત અને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયેના સક્ષમ અધિકારી, શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા ખાસ ભથ્થાના દૈનિક દર ધ્યાને લઇ યુનિવર્સિટીના હિતમાં સદર પરિપત્ર જારી કરવામાં આવે છે.

**(આર.એચ. ગોંડલીયા)**
હિસાબ નિયામક

**નકલ સવિનય રવાના જાણ સારૂ :–**

કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.

**નકલ રવાના જાણ અને ઘટતું થવા સારૂ :**

(૧) આણંદ કૃષિ યુનીવર્સિટીના તમામ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) હિસાબી અધિકારીશ્રી (પી.એફ./પેન્શન), હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ
(૩) ઓડીટ ઓફીસરશ્રી, હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.
(૪) હિસાબી અધિકારીશ્રી (કેશ), હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.
(૫) હિસાબ નિયામકશ્રીના અંગત સચિવશ્રી, હિસાબ નિયામકશ્રીની કચેરી આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.
(૬) સિલેક્ટ ફાઇલ, હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનીવર્સિટી, આણંદ.